# ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી

**(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)**

બ્લોક નં.૧૧-૧૨, ત્રીજો માળ, ઉદ્યોગભવન, ઘ-૪, સેકટર-૧૧,ગાંધીનગર-૩૮૨૦૧૭
ટેલિ.નં.૦૭૯-૨૩૨૪૧૦૧૮, ફેક્સ નં.૦૭૯-૨૩૨૪૧૦૧૯,
ઇમેલ:જીપીસીપીએસઆઇ.આરડીએ૧૧@જીમેલ.કોમ, વેબસાઇટ: www.gujaratpcpir.org

---

## સુચનાઓ:

**ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, વડી કચેરી, ગાંધીનગરની વર્ગ - ૧, ૨ અને વર્ગ - ૩ ની સીધી ભરતી અંગેની જાહેરાત ક્રમાંક : ૨/૨૦૧૬**

ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીમાં વર્ગ-૧, વર્ગ-૨, અને વર્ગ-૩ ના સંવર્ગો માટે ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામા આવે છે. આ માટે ઉમેદવારે તા. ૨૩-૧૧-૨૦૧૬ સુધી **www.gujaratpcpir.org** વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ અરજીપત્રક ડાઉનલોડ કરી અરજી કરવાની રહેશે. ઉમેદવારે પોતાના બધા જ શૈક્ષણિક લાયકાત, અનુભવ અને વયના પ્રમાણપત્રોની વિગતો અરજીપત્રકમાં ભરવાની રહેશે. **ઉમેદવારે અરજી સાથે ડીમાન્ડ ડ્રાફ્ટ બિડાણ કરવાનો રહેશે અને અરજી રજી. પો. એ. ડી./ સ્પીડ પોસ્ટ દ્વારા અત્રે મોકલવાની રહેશે.**

(૧) વર્ગ-૧, વર્ગ-૨, અને વર્ગ-૩ના વિવિધ સંવર્ગોના વર્ગ, વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત બીડાણ-૧ મુજબ સામેલ છે.

**(૨) પગાર ધોરણ (વર્ગ-૩ માટે) :**

નાણાં વિભાગના તા.૧૬-૦૨-૨૦૦૬ અને ૨૯-૦૪-૨૦૧૦ ના ઠરાવ નંબર: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ ની જોગવાઇઓને આધિન તેમજ તા.૨૦-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:

ખરચ/૨૦૦૨/૫૭ પાર્ટ-૨/ઝ.૧ તથા તા.૨૦-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭ પાર્ટ-૨/ઝ.૧ થી નક્કી થયા મુજબ પાંચ વર્ષ માટે વર્ગ-૩ના વિવિધ સંવર્ગો માટે પ્રતિમાસ ફીક્સ પગાર અને તેના ઉપર માસિક ખાસ ભથ્થુ મળીને કુલ ઉચ્ચ્ક પગારથી નિમણૂક અપાશે, વધુમાં વાર્ષિક વધારો રૂ.૧૫૦૦/- નો રહેશે તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી વર્ગ-૩ ના સંવર્ગના પગાર ધોરણમાં નિયમિત નિમણૂક મેળવાપાત્ર થશે. આ બાબત નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ SPL No.14124/2012 અને SPL No.14125/2012 ચુકાદાને આધિન રહેશે. સાતમાં પગાર પંચનો લાભ અમલ થયેથી મળવાપાત્ર રહેશે.

| **અ.નં.** | **સંવર્ગ** | **તા.૨૦-૧૦-૨૦૧૪ ના ઠરાવ મુજબ નિયત થયેલ ફીક્સ પગાર** | **ફીક્સ પગાર ઉપર માસિક ખાસ ભથ્થુ** | **વાર્ષિક વધારો** |
|---|---|---|---|---|
| ૧. | કલાર્ક | ૭૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૨. | એકાઉન્ટન્ટ | ૭૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૩. | કલાર્ક-કમ-ટાઇપીસ્ટ | ૭૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૪. | ટ્રેસર (with AutoCAD knowledge) | ૭૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |

**(૩) કોમ્પ્યુટરની જાણકારી:-**

ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ ક્રમાંક: સીઆરાઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતાં હોવા જોઈશે. આ તબક્કે આ પ્રમાણપત્ર ન ધરાવતાં ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે નહિ. જો ઉમેદવાર નિમણૂંક સમયે

CCC / CCC+ પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય તો અજમાયશી સમય દરમ્યાન પરીક્ષા પાસ કરવાની રહેશે.

**(૪) વય મર્યાદા:-**

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની વય વિવિધ સંવર્ગોમાં દર્શાવેલ ઉંમરથી વધુ હોવી જોઈશે નહિ. વય મર્યાદામાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ છુટછાટ રહેશે.

મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગોના ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર છુટછાટ આપવામાં આવશે.

- તમામ કેટેગરીના ઉમેદવારોની (માજી સૈનિક સિવાય) ઉંમર, ઉપલી વયમર્યાદા છુટછાટ સાથે કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈશે નહિ.
- જીપીસીપીએસઆઇઆરડીએના પાત્રતા ધરાવતાં અધિકારી / કર્મચારીઓને તમામ સંવર્ગોમાં વય મર્યાદાનો નિયમ લાગુ પડશે નહિ.
- અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છુટછાટ મળશે નહી.

**(૫) પસંદગી પ્રક્રિયા:-**

- વર્ગ-૧ અને વર્ગ-૨ માટે મૌખિક ઇન્ટવર્યુ આધારે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ઉમેદવાર પસંદ કરવામાં આવશે.
- વર્ગ-૩ માટે લેખિત પરીક્ષા (૭0%) તથા મૌખિક ઇન્ટવર્યુ (૩0%) આધારે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ઉમેદવાર પસંદ કરવામાં આવશે. કટઓફ માર્કસ નક્કી કરવાની સત્તા પસંદગી સમિતિને રહેશે.
- પસંદગી પ્રક્રિયાના માર્કસને આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

**(૬) પરીક્ષા ફી:-**

(૧) બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૫૦૦/- + તથા અનુ. જાતિ, અનુ. જનજાતિ તથા સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા અપંગ અને માજી સૈનિકો માટે અરજી ફી રૂ. ૨૫૦/- ભરવાની રહેશે.

- ડીમાન્ડ ડ્રાફ્ટ "જીપીસીપીએસઆઈઆરડીએ, ગાંધીનગર'' ના નામનો જ સ્વીકારવામાં આવશે.
- ડીમાન્ડ ડ્રાફ્ટ વગર અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૨) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. તેમજ ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહી.

**(૭) સામાન્ય સુચનાઓ:-**

(૧) રાષ્ટ્રીયતા : ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

(૨) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) સદરહું ભરતી સંબંધિત તમામ સુચનાઓ / વિગતો વખતો વખત જીપીસીપીએસઆઇઆરડીએની Website : www.gujaratpcpir.org પરથી જોવા મળી શકશે.

(૪) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવાઓ (પ્રમાણિત નકલ) અરજી પત્રક સાથે બિડાણ કરવાની રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે.

(૫) અનામત કેટેગરીના તમામ ઉમેદવારોના કિસ્સામાં જાતિનું પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત, અનુભવ અને લાગુ પડે ત્યાં નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ નમુના મુજબનું (ગુજરાતીમાં) હોવુ ફરજીયાત છે. તે સિવાય જે તે અરજદારને સા.શૈ.પ. તરીકેનો લાભ મળવાપાત્ર રહેશે નહી. આ તમામ પ્રમાણપત્ર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવા જોઈશે. અન્યથા ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(૬) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨.૫.૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ

ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુન; લગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત આ કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવા આ કચેરીને અસલમાં રજુ કરવાના રહેશે.

(૭) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫.૨.૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તેમજ તે અન્વયે વખતો વખત થયેલ સુધારા મુજબ રમતો – ખેલકુદમાં રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સીટી અથવા અખિલ ભારતીય શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ખેલાડી – ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેઓએ મેળવેલ કુલ ગુણ ના ૦૫ (પાંચ) ટકા ઉમેરી આપવામાં આવશે. આ માટે વખતો વખત થયેલ ઠરાવોમાં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

(૮) આ જાહેરાત અન્વયે જો એક થી વધુ ગૃપ માં અરજી કરવી હોય તો ગૃપવાઈઝ અલગ અલગ અરજી કરવાની રહેશે. અને અરજી ફી પણ અલગ અલગ ભરવાની રહેશે.

(૯) ઉમેદવાર પોતે આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

(૧૦) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદી માં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૧૧) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(૧૨) અનુભવ મેળવેલ હોય તે નોકરીદાતા દ્વારા ઈસ્યુ થયેલ પ્રમાણપત્રમાં ક્યા પ્રકારનું કામ હતું, ક્યા પ્રકારના સ્કીલની જરૂર હતી. હોદ્દો , મળતો માસિક અને વાર્ષિક પગાર, અનુભવનો સમયગાળો (ક્યારથી ક્યાર સુધી) નોકરી કર્યાનું સ્થળ દર્શાવેલ હોવો જોઈશે. પગાર માટે પગાર સ્લીપ, છેલ્લા પગારનું પ્રમાણપત્ર, બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ વિગેરે પ્રુફ તરીકે રજુ કરવાના રહેશે. વળી અનુભવ જગ્યાને અનુરૂપ છે કે કેમ તે અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામાં

આવશે. પાર્ટટાઈમ કે આંશિક અનુભવ માન્ય રહેશે નહી.

(૧૩) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

(૧૪) અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે અને ત્યારબાદ જ અરજી પત્રક ભરવું.

(૧૫) રજી.પો. એ. ડી./ સ્પીડ પોસ્ટ મારફતે મોક્લાવેલ અરજી જ માન્ય ગણાશે. આ કચેરી દ્વારા માંગણી થયેથી અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ રજુ કરવાના રહેશે.

(૧૬) ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, વય મર્યાદામાં છુટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષા અને પસંદગીની પદ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો Web site : www.gujaratpcpir.org ઉપર જોવા મળશે.

ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મ તારીખ શૈક્ષણિક લાયકાત, વય જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણૂંક અધિકારી દ્વારા ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની નિમણૂંક સત્તાધિકારી / સમિતિના પરામર્શ રદ્દ કરવામાં આવશે તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ આવા ઉમેદવારની જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો સંબંધિત કચેરી દ્વારા પસંદગીની સમિતિના પરામર્શમાં કોઇ પણ તબક્કે રદ્દ કરવામાં આવશે.

સંબંધિત જગ્યાઓની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં અને સુચનાઓમાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યક્તા ઉભી થાય તો તેમ કરવાનો પસંદગી સમિતિને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે. અને પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

**(૮) અજમાયશી સમય:**

નિમણૂંક બાબત પસંદ થયેલા ઉમેદવાર નિયમોનુસાર અજમાયશ ઉપર રહેવું પડશે. અજમાયશી સમય નક્કી કરેલા નિયમોનુસાર વધારી શકાશે.
પસંદ થયેલા ઉમેદવારોએ નિમણૂંક પત્રમાં દર્શાવેલ સમયમાં ફરજ પર જોડાવાનું રહેશે અને ગાંધીનગર /દહેજ ગમે ત્યાં નિમણૂંક / બદલીથી ફરજ બજાવવાની રહેશે.

**(૯) ના વાંધા પ્રમાણપત્ર:**

- ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી /સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી / કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કરવાની તારીખથી સાત દિવસમાં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ત્રીસ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહી આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.
- ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર સત્તામંડળ દ્વારા માંગ્યેથી રજુ કરવાનું રહેશે.

**(૧૦) ચેતવણીઓ:**

સત્તામંડળ જે કોઇ ઉમેદવારને:

- તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે સત્તામંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે
- બીજાનું નામ ધારણ કરવા માટે
- બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે
- બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરિતિ આચરવા માટે
- યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે

- લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે
- પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે સત્તામંડળ નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

સહી/-

સભ્ય સચિવ

જીપીસીપીએસઆઇઆરડીએ

ગાંધીનગર

## બીડાણ-૧

**Details of Cadre, Class, Pay Scale, Age Limit, Educational Qualification and Experience of different cadre of Class – I to III are as under:**

| **(1) Town Planner** | |
|---|---|
| Class | 1 |
| No. of Post | 1 |
| Pay Scale | Pay Band Rs. 15600-39100 + Grade Pay Rs. 6600 |
| Age Limit | Shall not be more than 35 years of age |
| Education Qualification | Should possess:<br>• A degree in Architecture or Civil Engineering obtained from any of the University or an Institution established or incorporated by an Act of the parliament or a State Legislature in India or an institution declared to be deemed as University under section 3 of the University Grants Commission Act 1956 (3 of 1956) or an equivalent qualification recognized as such by the Government.<br>• A Post Graduate degree or Diploma in City Planning or Town Planning or Regional Planning or Urban & Regional Planning or Infrastructure Planning or Industrial Area Planning & Management or Urban Transport Planning & Management or Urban Design awarded by any of the University or the Parliament or a State legislature in India or an institution declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956 (3 of 1956) or an equivalent qualification recognized as such by the Government or a membership obtained by an examination of institute of Town planners, India, New Delhi.<br>• The basic knowledge of computer application as prescribed by the Gujarat Civil services Classification and Recruitment (General) Rules, 1967 as amended from time to time. |
| Experience | Should have about five years' experience on medium level post in the Government of Gujarat gained after obtaining the qualifications specified above. |

| **(2) Assistant Town Planner** | |
|---|---|
| Class | 2 |
| No. of Post | 1 |
| Pay Scale | Pay Band Rs. 9300-34800 + Grade Pay Rs. 5400 |
| Age Limit | Shall not be more than 30 years of age |
| Education Qualification | Should possess:<br>• A degree in Architecture or Civil Engineering obtained from any of the University or an Institution established or incorporated by an Act of the parliament or a State Legislature in India or an institution declared to be deemed as University under section 3 of the University Grants Commission Act 1956 (3of 1956) or an |

| | |
|---|---|
| | equivalent qualification recognized as such by the Government.<br>• A Post Graduate degree or Diploma in City Planning or Town Planning or Regional Planning or Urban & Regional Planning or Infrastructure Planning or Industrial Area Planning & Management or Urban Transport Planning & Management or Urban Design or Environmental Planning awarded by any of the University or the Parliament or a State legislature in India or an institution declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956 (3 of 1956) or an equivalent qualification recognized as such by the Government or a membership obtained by an examination of institute of Town planners, India, New Delhi.<br>• The basic knowledge of computer application as prescribed by the Gujarat Civil services Classification and Recruitment (General) Rules, 1967 as amended from time to time.<br>• Provided further that preference may be given to a candidate having knowledge of computer relevant software. |
| Experience | Should have about two years' experience on medium level post in the Government of Gujarat gained after obtaining the qualifications specified above |

| **(3) Assistant Manager HR (MBA)** | |
|---|---|
| Class | 2 |
| No. of Post | 1 |
| Pay Scale | Pay Band Rs. 9300-34800 + Grade Pay Rs. 5400 |
| Age Limit | Shall not be more than 28 years of age |
| Education Qualification | Should possess:<br>• MBA Degree obtained from any of the Universities or Institution established on incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared deemed as University under Section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized by the Government.<br>• The basic knowledge of computer application as prescribed in Gujarat Civil Service classification and Recruitment (General) Rules, 1967. |
| Experience | Should have at least three years experience of administrative and executive work on the similar post in Government of Gujarat. |

| **(4) Clerk** | |
|---|---|
| Class | 3 |
| No. of Post | 1 |
| Pay Scale | Pay Band Rs. 5200-20200 + Grade Pay Rs. 2400 |
| Age Limit | Must have attained the age of 21 years and not completed 28 years. |
| Education Qualification | Should possess: |

| | |
|---|---|
| | • A Bachelor's Degree obtained from any of the Universities or Institution established on incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared deemed as University under Section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized by the Government.<br>• The basic knowledge of computer application as prescribed in Gujarat Civil Service classification and Recruitment (General) Rules, 1967. |
| Experience | Should possess experience of at least five years in clerical works. |

| **(5) Accountant** | |
|---|---|
| Class | 3 |
| No. of Post | 1 |
| Pay Scale | Pay Band Rs. 5200-20200 + Grade Pay Rs. 2800 |
| Age Limit | Shall not be more than 28 years of age |
| Education Qualification | Should possess:<br>• A Bachelor's Degree in Commerce obtained from any of the Universities or Institution established on incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared deemed as University under Section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized by the Government.<br>• Preference will be given to the candidate who possesses specialization in Finance or Master Degree in Finance.<br>• The basic knowledge of computer application as prescribed in Gujarat Civil Service classification and Recruitment (General) Rules, 1967. |
| Experience | • Should have at least two years experience in Accounts matter on the similar post in Government of Gujarat. |

| **(6) Tracer (with AutoCAD Knowledge)** | |
|---|---|
| Class | 3 |
| No. of Post | 1 |
| Pay Scale | Pay Band Rs. 5200-20200 + Grade Pay Rs. 1900 |
| Age Limit | Shall not be more than 25 years of age |
| Education Qualification | Should possess<br>• A certificate course in ITI, awarded by the National Council for Vocational Trade or its equivalent as decided by the Technical Education Board of Gujarat State and proficiency certificate of AutoCAD from an institution recognized by Government of Gujarat.<br>• The basic knowledge of computer application as prescribed in Gujarat Civil Service classification and Recruitment (General) Rules, 1967. |

| | |
|---|---|
| Experience | Should have minimum two years experience in drawing and town planning. |

| (7) Clerk cum Typist (Gujarati & English) | |
|---|---|
| Class | 3 |
| No. of Post | 1 |
| Pay Scale | Pay Band Rs. 5200-20200 + Grade Pay Rs. 1900 |
| Age Limit | Must have attained the age of 21 years and not completed 28 years |
| Education Qualification | Should possess:<br>• A Bachelor's Degree obtained from any of the Universities or Institution established on incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared deemed as University under Section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized by the Government.<br>• The basic knowledge of computer application as prescribed in Gujarat Civil Service classification and Recruitment (General) Rules, 1967. |
| Experience | Previous experience will be preferred. |